## ચિંતન



સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*દુર્જનઃ પરિહર્તવ્યો વિદ્યાયાऽભऽતૃતોऽપિ સમ્ ।*
*મણિના ભૂપિતઃ સર્પઃ કિમસૌ ન ભયંકર ॥*

ઉપરોક્ત શ્લોક નીતિશતકમાંથી લેવામાં આવેલ છે.

વિદ્વાન માણસ જો જ્ઞાનથી સુશોભિત હોય પણ વ્યવહારમાં દુર્જન હોય તો એનો ત્યાગ કરવો જોઈએ. મણીધર સર્પ સુંદર લાગતો હોય પણ તે ભયંકર હોય છે.

સંપત્તિ, સત્તા આ બધું અમુક ચોક્કસ સ્થળ કે કાળની મર્યાદામાં આંજી નાંખતું હોય છે, પણ વિદ્યાની તેજસ્વીતા ગમે ત્યાં અને ગમે ત્યારે માણસને સન્માન્ય બનાવે છે.

સાપ દેખાવે સુંદર લાગતો હોય પણ એનો સ્પર્શ ન કરાય, એમાં જ્યારે મણીધર સાપ હોય ત્યારે ભારે આકર્ષક પણ લાગે છે. એના મણીથી મોહિત થઈને જો કોઈ એની પાસે જાય તો સાપ ડસ્યા વિના રહેતો નથી. દુર્જન વિદ્વાનનું પણ આવું જ છે. વિદ્યાનો મણી ભલે એની પાસે હોય પણ દુર્જન તરીકેનું વિષ એના આચરણમાં ભર્યું હોય તો માણસે એનાથી દૂર જ રહેવું જોઈએ.

## સુવિચાર

- નિર્દોષ બનવા માટે દોષની વકીલાત છોડી દઈને કબૂલ કરતાં થવું જોઈએ - **બોધિવૃક્ષ**
- હૃદયરોગનો ઈલાજ વિજ્ઞાન પાસે છે અને હૃદયમાં રહેલા ઈર્ષા, ક્રોધ, અભિમાન વગેરે દોષોનો ઈલાજ ધર્મ પાસે છે - **રામકૃષ્ણ દેવ**
- જ્ઞાની, દાની, ત્યાગી અને વૈરાગી એ સૌની પાછળ નમ્રતા છે - **ખલિલ જિબ્રાન**
- જયાં સુધી પોતાના વખાણ ગમે છે ત્યાં સુધી પોતાની નિંદાથી દુઃખ થવાનું જ - **ટોલ્સ્ટોય**
- જેની જીભ બગડેલી હોય તે જૂઠું બોલે, જેનું મન બગડેલું હોય તે તોછડું બોલે - **એસ. ભટ્ટાચાર્ય**
- સ્વાર્થીઓનું સંગઠન નહીં, પરમાર્થીઓના સંમેલનની જરૂર છે - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : હરસમાં રક્તસ્રાવ થયો હોય ત્યારે કેરીની ગોટલીનું ચૂર્ણ મધ સાથે સવાર-સાંજ લેવાથી તરત રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

અબુ બીન આદમને મન નમાજ કરતાં પણ લોકોની સેવાનું મહત્ત્વ વધારે હતું. કોઈ પણ દીનદુઃખીયાને જુએ એ એનું હૃદય રડી પડે. પ્રાણી માત્રમાં ઈશ્વર દર્શન કરનાર અબુ એવું માનતા કે માણસ માત્ર ઈશ્વરરુપ છે. પ્રાણી માત્રમાં આત્મા રહેલો છે. કોઈનું દિલ દુભાવવું કોઈ પ્રાણીને હેરાન કરવું એમને કદી પસંદ ન હતું.

અબુને એકવાર રાત્રે સ્વપ્ન આવ્યું. જોયું તો દેવદૂત શાંત ચિત્તે નામાવલિ તૈયાર કરતો હોય એવું લાગ્યું.

એમણે દેવદૂતને પૂછ્યું, 'આપ શું કરી રહ્યા છો.' દેવદૂતે જવાબમાં કહ્યું, 'જે લોકો ઈશ્વરને ચાહે છે, તેમના ગુણગાન ગાય છે એમના નામોની એક યાદી મારે તૈયાર કરવાની છે.'

અબૂએ કહ્યું, 'જરા જોશો કે શું મારું નામ એ નામાવલિમાં છે?'

દેવદૂતે પૂછ્યું, 'શું છે તમારું નામ ?' અબુએ કહ્યું, 'અબુ બીન આદમ'

દેવદૂતે ઉપરથી નીચે સુધી યાદી જોઈ કહ્યું, 'આમાં આપનું નામ કયાંક દેખાયું નથી.'

અબુએ કહ્યું, 'હશે ભાઈ, આવી સુંદર યાદીમાં મારા જેવાનું નામ તો કયાંથી હોય ?'

દેવદૂત નામાવલિ બનાવીને સૂઈ ગયો. બીજે દિવસે નામાવલિ પૂર્ણ કરવા દેવદૂત ફરી બેઠો અને નામાવલિમાં ચમકતા સુંદર અક્ષરોમાં સૌની પહેલા અબુ બીન આદમનું નામ દેખાયું. દેવદૂત પણ વિચારમાં પડ્યો. અબુનું નામ કયાંથી આવ્યું ?'

યાદીમાં અબુના નામની સામે લખ્યું હતું કે આ માણસ, માણસને પ્રેમ કરે છે તેથી તેનું નામ સૌપ્રથમ હોવું જોઈએ.

દેવદૂતને થયું વાત સાચી છે.

# હરતી ફરતી દંતકથા જેવું જીવન

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને સિત્તેરમું બેસે છે.સિત્તેર વર્ષની આઝાદી સાથે સમાંતર ચાલતું રહેલું એક અદના કર્યમોગી જેવું, એમનું જીવન હયાતી દરમિયાન જ દંતકથા જેવું બની રહ્યું છે. વડનગર આમ તો નાગરોના કુળદેવતા હાટકેશ (હાટક એટલે સોનું) ના સુપ્રસિદ્ધ સોલંકી યુગના મંદિર અને નરસિંહ મહેતાની ચૉરી, શર્મિષ્ઠા તળાવ અને તાનારીરી દેરીઓના નામે જાણીતું હતું પરંતુ છેલ્લા સૈકામાં એણે બે ભેખદારી સર્વોદય અગ્રણીઓ - ડૉ. દ્વારકાદાસ જોષી અને ડૉ. વસંત પરીખ જેવી શબ્દના સાચા અર્થમાં વિભૂતિઓની છત્રછાયામાં ઊછરેલું રત્ન છે. એમણે ગરીબી જોઈ છે તો સાથે જ રાષ્ટ્ર ચેતનાના સ્ફુલ્લિંગો પણ બાળવયથી નીરખ્યા છે. એમની શાળાના આચાર્ય રાસબિહારી મણિયારને એ બાળકમાં પડેલી શક્તિઓનો અંદાજ બહુ વહેલો આવી ગયેલો. મોદીએ વડનગરની બી.એન. હાઈસ્કૂલમાંથી એસએસસી પરીક્ષા પાસ કરી વતન છોડી દીધું અને સાંસારિક જીવન પણ છોડી દીધું. સાધુ થવા નીકળેલો યુવાન આખરે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો પ્રચારક બની રહ્યો અને કાળક્રમે ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતાગણમાં ગોઠવાઈ ગયો. એમની સંગઠનશક્તિને લીધે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીએ સત્તા કબજે કરી. કેશુભાઈ પટેલ અને શંકરસિંહ વાઘેલા તથા કાશીરામ રાણા જેવા પ્રખર પ્રાદેશિક નેતાઓ સાથે ખભેખભો મિલાવી પાર્ટીને એક વિશેષ મુકામે પહોંચાડ્યા પછી રાષ્ટ્રીય સ્તરે પણ પાર્ટીના મહામંત્રી તરીકે સેવા આપી અને ઉત્તર ભારત સહિત અનેક વિસ્તારોમાં ભાજપને વિજય અપાવવામાં પાયાની ઈંટ બની રહ્યા. એમની એ સેવાઓની કદર રૂપે જ કેશુભાઈ પટેલના અનુગામી તરીકે એમના પર પસંદગી ઉતરી હતી જેની ફલશ્રુતિ એ થઈ કે ગુજરાતમાં નબળી પડી ગયેલી પાર્ટી બમણી તાકાત સાથે બેઠી થઈ અને મોદીના નેતૃત્વમાં તો હેટ્રિક લગાવી જ; બલકે તેઓ વડાપ્રધાનના ઉમેદવાર તરીકે દેશવ્યાપી ઝુંબેશ ચલાવીને 'ગુજરાત મોડલ'ને રાષ્ટ્રીય સ્તરે મૂકવામાં સફળ બન્યા અને પ્રજાએ ઉમળકાભેર એમને વડાપ્રધાન પદે ચૂંટી મોકલ્યા. ગુજરાતના પનોતા પુત્ર હોવા છતાં એમને વારાણસીનું સાંસદપદ ચાલુ રાખીને વ્યૂહાત્મક રીતે હિંદુત્વનો સંદેશ આપ્યો. ઉત્તરપ્રદેશનાં પ્રાદેશિક પરિબળોથી ત્રાસેલા મતદાતાઓએ ભારતીય જનતા પાર્ટીને ખોબબે ખોબલે વધારી. પાંચ વર્ષના સુશાસનને અંતે પહેલાં કરતાં પણ વધુ બેઠકો જીતી લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખંગ વાળી દીધો છે. યુવાવસ્થામાં લાલચોકમાં ત્રિરંગો ફરકાવનાર મોદી જમ્મુ અને કાશ્મીરને દેશના મુખ્ય પ્રવાહમાં લઈ આવ્યા છે. ગુજરાત એમનું હોમસ્ટેટ છે, એથી જયાં જાયં છે ત્યાં ગુજરાતીઓ એમને ફૂલડે વધાવે તે સ્વાભાવિક છે. અમેરિકામાં આગામી દિવસોમાં યોજાનાર 'હાઉડી મોદી' ઈવેન્ટ પ્રસંગે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ હાજર રહેવાના છે, તે જ શું સૂચક નથી ? ઈસ્લામિક રાષ્ટ્રો સહિત દુનિયાનાં તમામ મોટાં રાષ્ટ્રોએ મોદીને એમનાં સર્વોચ્ચ સન્માનોથી નવાજ્યા છે. આજે મોદીજી પોતાના જન્મદિવસની ઊજવણી છલોછલ છલકાઈ ઊઠેલા સરદાર પટેલનાં સાંનિધ્યમાં ઊજવી જન્મદાત્રી માતા હીરાબાની સાથે જ મૈયા નર્મદાના આશીર્વાદ પણ મેળવશે. રાષ્ટ્રનાયક ને અંતઃકરણનાં ઓવારણાં પાઠવીએ.

# ક્ષમા ધર્મના અને માનવ ધર્મના અજવાળા રેલાયા



અજવાળું - અજવાળું
તુષાર જોશી

'મને બહુ દુઃખ થાય છે કે મારાથી આવી ભૂલ કેમ થઈ ગઈ ?' આવું વાક્ય હર્ષા બોલી, ને પછી વ્યથિત થવાને બદલે એકદમ હસી પડી.... સાંભળનારને નવાઈ લાગી આને પોતાના વર્તનનું દુઃખ થયું છે તો પછી હસે છે કેમ ?

વાત જાણે એમ છે કે બેંગ્લોર રહેતી હર્ષા જૈન પર્યુષણ નિમિત્તે યોજાયેલા પારણા માટે સૌરાષ્ટ્ર આવી હતી. પછી પોતાના પિયરના ગામ ભાવનગર રહેવા ગઈ, ભાઈ-ભાભી સાથે થોડા દિવસ રહેવાનું, આનંદ કરવાનો, જે શહેરમાં લગ્ન પહેલાના ૨૫-૨૬ વર્ષો ગુજાર્યા ત્યાં જુની સખીઓને મળવાનું ને મજા કરવાની... આવા મૂડ સાથે એ આવી હતી ને એમ જ પાંચ - છ દિવસ પસાર કર્યા હતા.

હવે એક દિવસ સવારે એવું બન્યું કે એને જવું હતું. દેરાસર દર્શને, પછી ત્યાંથી એક બેન્કમાં કામે, થોડી ઘણી પરચૂરણ ખરીદી કરવા... તે હર્ષાએ ભાઈને કહ્યું તારું સ્કૂટર આપ, ભાઈએ આપી દીધું ને કહ્યું મારે ઉતાવળ નથી તું જ રાખજે આજે, ને તારા કામ પતાવજે... સવારે ચા-નાસ્તો કરીને આ બહેને કર્યા એમના લીસ્ટ મુજબના કામનો આરંભ.

બેંકમાં ભીડ હતી... ને બીજે દિવસે અમદાવાદ જવાનું હતું... એટલે કામ પુરા કર્યા સિવાય છૂટકો પણ ન હતો. એકબાજુ વરસાદ પણ ચાલુ... માંડ કામ પૂરું કર્યું... જયાં સ્કૂટર મૂક્યું હતું તે જગ્યાએ ગઈ... છેલ્લા થોડા દિવસોમાં અને એ પહેલા પણ હર્ષાએ ભાવનગરમાં આ સ્કૂટર ઘણીવાર વાપર્યું હતું. એને ખબર હતી - સફેદ કલરનું છે અને સ્કૂટર ઉપર જય જીનેન્દ્ર લખેલું છે... એટલે એ સહજપણે સફેદ સ્કૂટર પાસે ગઈ, પર્સમાંથી ચાવી કાઢી, સ્કૂટર ચાલુ કર્યું... થઈ પણ ગયું અને સહજતાથી એ નીકળી ગઈ પોતાના અન્ય કામે બજાર તરફ. બજારમાં કામ પતાવ્યા... ત્રણ ચાર જગ્યાએ એ દરમિયાન સ્કૂટર પાર્ક કર્યું. ચાલુ કર્યું... બંધ કર્યું... ને આખરે જમવાના ટાઈમે ઘરે આવી... પોતાના સામાન પૅક કરવામાં લાગી ગઈ...

માનવામાં ન આવે એવી અને છતાં કયાંક-કયાંક કયારેક બનતી જ હશે એવી ઘટના એ હતી કે પોતાના સ્કૂટરના બદલે બીજા કોઈનું સ્કૂટર લઈને બેંકથી નીકળી ગઈ હતી !!!

સાચ્ચે જ !!! રંગ એ, કંપની એ, મોડેલ એ, ઉપર લખેલું જય જીનેન્દ્ર પણ સમાન.... અને એક માત્ર ચૅક ન કર્યો એ એનો ગાડી નંબર... હવે આપણે સહુ કાંઈ રોજ ગાડી નંબર જોઈને તો વાહન ચલાવતા નથી... એટલે હર્ષાએ પણ એ નંબર ના જોયો... સ્વાભાવિક છે. મહત્ત્વનું એ કે એક સ્કૂટરની ચાવી બીજા સ્કૂટરમાં લાગી. સ્કૂટર ચાલુ થયું. એકવાર નહિ પણ વધુ વાર.

આ તરફ કૉલેજના ભણતી એક દીકરી, એ દિવસે વરસાદના કારણે કૉલેજ નહિ ગઈ હોય, બેન્કના કામો પુરા કરવા આવી હતી. બેન્કમાં એ પોતાનું સ્કૂટર મૂકીને ગઈ ત્યારે તેણીએ જોયું હતું કે પોતાની બાજુમાં 'સેઈમ ટુ સેઈમ' એનાં જેવું એક સ્કૂટર પડેલું છે... પણ આ સામ્યતા અનેક પ્રશ્નો ઊભા કરશે એવી એને થોડી ખબર હતી ??

એ દીકરી એના કામ પૂરા કરીને આવી તો જોયું કે એક સ્કૂટર છે એ પોતાનું નથી... તો પોતાનું સ્કૂટર કયાં ગયું ?? ૧૫-૨૦ મિનિટ રાહ જોઈ... એના પપ્પાને ફોન કર્યો... એ આવ્યા.... તપાસ કરી... બેન્કમાં લોકોને પૂછ્યું - ચોકીદારને પણ પુછ્યું, કાં સગડ-સમાચાર ના મળ્યા.

આખરે બાજુના પોલીસ સ્ટેશને ગયા. બધી વાત કરી... પોલીસ વિભાગના અધિકારીએ વિવેકપૂર્ણ રીતે - ઠાવકાઈથી ને કોઠાસૂઝથી કહ્યું કે, 'સંભવ છે કોઈ ભૂલમાં લઈ ગયું હોય, સાંજ સુધી રાહ જુઓ, નહિંતર ફરિયાદ નોંધીશું...' એમણે બેન્ક પાસે તપાસ પણ ગોઠવી... બે-ત્રણ-ચાર કલાક સુધી પેલુ સ્કૂટર ત્યાં જ પડ્યું હતું... તેના નંબરના આધારે પોલીસ વિભાગ એના માલિકનું સરનામું મેળવ્યું... બાજુની સોસાયટીનું જ એ સ્થળ હતું... પેલી દીકરીને એના પિતાએ બોલાવ્યા... સહુ સાથે બેન્ક ગયા... એમને કહ્યું કે આના જેવું જ અમારું સ્કૂટર છે. તો પેલુ સરનામું આપ્યું ને કહ્યું કે ત્યા જઈને પૂછો આ સ્કૂટરના બદલે તેઓ તમારું તો નથી લઈ ગયા ને !! પેલી દીકરી આવી આ ઘરે... પૂછ્યું... અહીં આ ભાઈ રહે છે? હર્ષાએ જ બારણું ખોલ્યું... કહે તમે કોઈ બપોરે બેન્કમાં આવ્યા હતા? જવાબ મળ્યો હા, હું જ આવી હતી... અરે બહેન તમે તો અમને દોડતા કરી દીધા !! કહીને આખી વાત કહી - નીચે પાર્કિંગમાં આવ્યા તો પેલી દીકરીનું સ્કૂટર હર્ષા લઈને આવી હતી. અને એનું સ્કૂટર બેન્ક પાસે જ પડ્યું હતું.... ત્યાંથી જ પોલીસ અધિકારીનો આભર માન્યો. બંનેએ સાથે જઈને બેન્ક પાસેથી પોતાના સ્કૂટરોની અદલાબદલી કરી.

હર્ષાએ સાચા હૃદયથી માફી માંગી, કોઈ ઈરાદા વિના આ ભૂલ થઈ અને તમે હેરાન થયા માટે મિચ્છામી દુક્કડમ કહ્યું ને હસતા હસતા સહુ છૂટા પડ્યા...

હવે સહુએ નક્કી કર્યું કે એકવાર સ્કૂટરનો કે કારનો નંબર પણ વાંચીને જ એમાં બેસવું... નાનકડી એવી ઘટનામાં સહજપણે થતી માનવીભૂલ... એમાં યોગ્ય અધિકારીનું શાણપણને કોઠાસૂઝ થતા ભોગ બનનારની વિવેક-વાણી એટલા જ અસરકારક બની રહ્યા. ક્ષમા ધર્મના ને માનવ ધર્મના અજવાળા રેલાયા.

# આવો, ધીમે ધીમે આવતાં મોત સામે ઝઝૂમીએ

જે પ્રવાસ કરતા નથી
જે વાંચતા નથી
જે સંગીત સાંભળતા નથી
જેને પોતાની જાતમાં શ્રદ્ધા નથી
એ ધીમે મોત મરે છે.
જે ધીરે ધીરે પોતાના સ્વાભિમાનને હણે છે
જે પોતાને જ પોતાની મદદ કરતા રોકે છે
જે પોતાનાં દુર્ભાગ્યની ફરિયાદ કરવામાં દિવસો વેડફે છે
જે કદી ન અટકતા વરસાદને કોસે છે
એ ધીમે મોત મરે છે.
જે ટેવોનાં ગુલામ બને છે
જે રોજેરોજ એક જ માર્ગ અનુસરે છે
જે ગતિ બદલતા નથી
જે પોતાનાં વસ્ત્રોનો રંગ બદલવાનું પણ જોખમ લેતા નથી
જે બોલતા નથી, અનુભવતા નથી
એ ધીમે મોત મરે છે.
જે આવેગોથી દૂર રહે છે
જે સાવ એકાંતિક હોય છે
જેઓમાં લાગણીનાં પૂરને બદલે નરી શુષ્કતા
જેમને જોતાં આપણી આંખો નિસ્તેજ થાય
જે સ્મિતને બગાસાંમાં પલટી નાખે
જે ભૂલોનો ભાર લઈ ફર્યા કરે
એ ધીમે મોત મરે છે.
જે બધું ઊલટુંસુલટું કરી મૂકતા નથી
જે કામથી ખુશ નથી
જે કોઈક સ્વપ્ન પરિપૂર્ણ કરવા અનિશ્ચિતતાનું જોખમ ઉઠાવતા નથી
જે પોતાના જીવનકાળમાં એક પણ વખત નક્કર સલાહને સમજી શકતા નથી
એ ધીમે મોત મરે છે.
જે લક્ષ્યને પૂરું કરતાં પહેલાં પડતું મૂકે છે
જે કંઈક જાણતા ન હોય તેમાં પ્રશ્નો કરવાનું ચૂકી જાય છે
જે કંઈક જાણતા હોય તે વિશે પૂછવામાં આવે તો ઉત્તર ટાળે છે
એ ધીમે મોત મરે છે.
ધીમે ધીમે આવતાં મોત સામે આવો ઝઝૂમીએ, તેને ખાળીએ
જીવંત વ્યક્તિતા જાળવવા હંમેશાં પ્રયત્નો કરવા પડે છે
શ્વાસ લેતાં રહેવાથી વિશેષ કંઈક કરવું પડે છે
માત્ર અથાક ધૈર્ય જ દોરશે પ્રાપ્તિ અને પ્રસન્નતાની ભવ્યતામાં.

**- પાબ્લો નેરુદા**

**મૂળ સ્પેનિશ કૃતિના અંગ્રેજી અનુવાદ પરથી ગુજરાતી અનુવાદ : રમણીક અગ્રાવત.**

આ કવિતા વાંચ્યા પછી આપણાંમાંથી કોણ જીવન જીવવાનો દાવો કરી શકે? આપણે સહું માત્ર મરવાના વાંકે જીવી રહ્યાં છીએ. આપણે કશું જ પૂર્ણતયા કરતા નથી. બધું અધુરું અધુરું છોડી દઈએ છીએ.

વાસ્તવમાં કવિતાનો એક એક શબ્દ એવો સરળ, સચોટ અને મર્મભેદી છે કે આપણે સીધા જ કવિના ભાવવિશ્વમાં પહોચી શકીએ.આ કવિતાનું રસદર્શન કરાવવાનો તસુભાર પ્રયત્ન અહિ કરવો નથી. બસ એક એક શબ્દને ઈસ્ત્રી કરીને ચપોચપ વાંચીને વાગોળવા છે.

ગઈકાલે નગરચર્યા દરમ્યાન PUCની મસમોટી હારમાળા જોવા મળી. રવિવારનો ઉપયોગ આપણે ત્યાં બધાએ કાર,બાઈક,એક્ટિવાને PUC મળી જાય તેની માટે કર્યો. એક અવલોકન કર્યુ કે, કારધારકો તો જાણે સમજ્યા કે પોતાની કારમાં બેસી રહે એટલે બહાર નીકળવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, પરંતુ દ્વિચક્રધારી મહાનુભાવો પણ કલાકોના કલાકો ઊભા ઊભા મોબાઈલ મચડતા રહ્યાં પરંતુ સમ ખાવા પૂરતાં પણ એકેય વીરલો આગળ પાછળ વાળા વાહનચાલકો સાથે ટોળટપ્પા કે વાતચીતનો હરફ સુદ્ધા ઉચ્ચારતો ન હતો.



વિચારયાત્રા
ડો. જય ઓઝા

બસ કે ટ્રેનમાં લાંબા અંતરની મુસાફરીમાં સહયાત્રીઓ વચ્ચે અમુક-તમુક કલાકની યાત્રા જીવનભરની યાત્રા બની જતી હતી તે દિવસો હવે ગયાં.

આપણે સહજ નથી રહ્યાં, ઝટ ખુલી જતાં નથી. અરે ઘરનાં સદસ્યો વચ્ચે પણ ખપ પૂરતું બોલવાનાં સમય આવી રહ્યાં છે ત્યારે માણસ પાસેથી આટલી મોટી અપેક્ષા રાખવી ઉચિત જણાતી નથી. કેમ ખરુંને!

નોકરીનાં સ્થળ પર અથવા વ્યવસાયમાં ખપમાં આવે તેટલા અને અતિ સિમિત સંબંધો જ નજરે ચડે છે. આપણી કહેવાતી નોકરી કે વ્યવસાયની રક્ષા કરવા આપણે આપણાં સિદ્ધાંતો અને આપણાં સ્વાભિમાન સાથે એવો ધડો કરી લીધો છે કે ભલભલા અપમાન સહન કર્યા પછી પણ PRECTICALNESS નાં અંચળા હેઠળ આપણે બધું છુપાવી દઈએ છીએ.

નવાં નવાં વિચાર કે તર્ક, સમજશક્તિમાં વૃદ્ધિ, નવું જાણી લેવાની જિજ્ઞાસા આ બધું મેળવવું હોય, સતત નવા જ્ઞાનથી તરબોળ થતાં રહેવું હોય તો પ્રવાસ જરુરી છે, વાંચન આવશ્યક છે, પણ આ બધું હવે બધાં કરતાં નથી.અથવા તો માત્ર ખાનાપૂર્તિ કરવા માટે કે દેખાવ માટે જ કરતાં હોય છે.

પ્રવાસને પોતાની રુચિ દર્શાવનારા શનિ-રવિમાં ફરવા જવું હોય કે દિવાળીની રજાઓમાં જવાનું થાય તો કોઈ ટૂર ઓપરેટરની જરીપુરાણી જગ્યાઓ એના એ જ સ્થળો એવી જ બીબાંઢાળ itinerary ને માન્ય રાખીને કોઈક નાં અનુભવો પર મદાર રાખીને જ ફરતા હોય છે.

સંગીત તો મનુષ્ય માટે ઈશ્વરની અણમોલ ભેટ છે. પોતાનાં શોખના ખાનામાં સંગીત લખનારા આપણે સંગીત એટલે માત્ર આજકાલની રેડિયો એફ.એમ. ચેનલ પર આવતાં અડધાં-પડધાં અધકચરાં ગીતો અને આર.જે. ના વાહિયાત નખરાને, બોલબચ્ચનને જ સંગીત માનવાની ભૂલ કરી બેઠા છીએ.

શાસ્ત્રીય સંગીતનાં પ્રકારો ચૈતી, ઠુમરી,દાદરા, ટપ્પા, કજરી કે પછી લોક સંગીત, ઉમર ખય્યામની રૂબાઈ, આપણાં પરંપરાગત સંગીત સાધનો તબલાં, મૃદંગ, સારંગી, રવણહથ્થો, દિલરુબા, વીણા આ બધું કોણ સમજવા માગે છે?? પોતાના પાલ્યને માત્ર એકાદ ફિલ્મી ગીત કેશિયો પર વગાડતા આવડે અને તેની ક્લિપ સોશ્યલ સાઈટ્સ પર મૂકીને કેટલી લાઈક્સ મળી તેના પર વિચાર કરનારા પાસેથી આટલાં ઊંડાણની અપેક્ષા તો ક્યાથી રખાય?

આપણે બને ત્યાં સુધી કંઈક નવું કરવાથી બચતાં જ રહીએ છીએ. અરે રોજેરોજ જવાના માર્ગ કરતા કોઈ બીજા રસ્તે નીકળવાનું થાય તો પણ આપણે થોડા ઓઝપાઈ જઈએ છીએ.

નવો રસ્તો,નવી વાનગી,નવી દિશા, નવો વિચાર, કંઈક અલગ તો ક્યારેય આપણે ઝટ આચરી જ શકતા નથી અને અપનાવી પણ શકતા નથી.

તાત્કાલિક કોઈ અભિપ્રાય ન આપવો જોઈએ એ વાત સાચી પરંતુ

**અનુસંધાન પાના નં ૭ પર**

# લયબધ્ધ 'સરજૂ' ગાનથી સંગીતપ્રેમીઓ અને ભાવકો ઝુમી ઉઠે છે

મથાળુ જોઈને વાચકબંધુઓ વિચારતા હશે કે, યે સરજૂ... સરજૂ... ક્યા હે ? 'સરજૂ' શબ્દ જ અલગ ભાત ઉપસાવતો શબ્દ છે. પણ 'સરજૂ' સમજવા માટે પહેલાં પ્રાર્થના કહો કે બંદગી કહો, એને જાણવી પડે.

જો રબ કી યાદ મે રોતે હે, બેશક વો બહુત સુકુન મે હોતે હે...

જે મનનો ગુલામ છે એ ઈશ્વરની આરાધના નથી કરી શકતો. પરમતત્ત્વને પામવાનું પ્રથમ પગલું પ્રાર્થના છે. પ્રાર્થના વ્યક્તિના સંજોગો બદલી નથી નાખતી પરંતુ પ્રાર્થના સંજોગો અનુસાર વ્યક્તિને બદલી નાખવાની શક્તિ ધરાવે છે. પ્રાર્થના એટલે ઈશ્વર સાથેનો સીધો સંવાદ અને ધ્યાન એટલે ઈશ્વર તમારી પ્રાર્થના સાંભળે એ. કૃતજ્ઞતાના પુષ્પની મહેક પ્રાર્થનાની માટીમાંથી આવતી હોય છે. પ્રાર્થનાની કડીથી દિવ્યતા સાથેનું જોડાણ થતું હોય છે. પ્રાર્થનાનું સ્વરૂપ ધીમેથી કે મોટેથી ગાઈને, સંગીત સાથે, લખીને, વાંચીને, મનમાં વગેરે કોઈપણ હોઈ શકે પરંતુ સાચા હૃદયથી કરેલી પ્રાર્થના ક્યારેય એળે નથી જતી. પ્રાર્થનાના સમયે વ્યક્તિનું હૃદય શાનદાર આનંદના પ્રકાશથી ચમકવા લાગતું હોય છે. સત્યનિષ્ઠાથી થયેલી પ્રાર્થનાથી અંતરઆત્મામાં અને ચારે દિશાઓમાં ઉજાશ અને ઊર્જાનો અનુભવ થયા વિના રહેતો નથી. પ્રાર્થના એકાંતમાં કે સામૂહિક રીતે પ્રસ્તુત થતી હોય છે. આમ જોવા જઈએ તો પ્રાર્થના ભક્ત અને ભગવાન વચ્ચેની વાતચીત છે. આમાં જેટલી સચ્ચાઈ, અચ્છાઈ, સફાઈ, સમર્પણભાવ અને તન્મયતા વધુ એટલો એનો પ્રભાવ વધુ.



કોઈ મુશ્કેલી કે તકલીફમાં ફસાયેલો અને નિસ્તેજ હોય એ જ પ્રાર્થના કરી પ્રભુ યાચના કરતો હોય એવી મુર્ખામીભરી માન્યતાથી કેટલાક લોકો ઘેરાયેલા હોય છે. પ્રાર્થના કરનારાના મુખ ઉપર તેજ, આનંદ અને સંતોષ હોય. પ્રાર્થના કરનારો બુઝદિલ અને ઊર્જા વગરનો ક્યારેય ન હોઈ શકે.

હવે જોઈએ વાત સરજૂની. 'સરજૂ' પ્રાર્થનાનો એક અદભુત પ્રકાર છે. યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ અને ઋગવેદ આપણા પૌરાણિક શાસ્ત્રો. કહેવાય છે કે, સરજૂ સામવેદ આધારિત સ્તુતિ છે. કેટલાક વિદ્વાનો અને તજજ્ઞો એવો મત ધરાવે છે કે, સરજૂ સામવેદનો જ એક અંશ છે. સામવેદમાં આવતી કેટલીક ઋચાઓનો લય, ગાયન પદ્ધતિ અને ઢાળ સરજૂ ગાનને મળતો આવે છે. ઘણા લોકો એમ પણ કહે છે કે, દક્ષિણ ભારતમાં શ્રી વ્યંકટેશ મંદિરમાં કેટલાક વિશેષ પ્રકારના યજ્ઞમાં અને મદુરાઈના મંદિરમાં ક્યારેક સરજૂ ગાન સાંભળવા મળતું હોય છે.

પોરબંદરના વેદાંગભાઈ રબારીએ આપેલી જાણકારી મુજબ સરજુ ગાન ખૂબ લાંબા આરોહ અને અવરોહથી ગવાતી પ્રાર્થના છે. સરજૂ ગાનમાં સામવેદના ચોક્કસ મંત્રોના શબ્દોને છૂટા પાડીને લયબદ્ધતા સાથે ઢાળમાં ગાવામાં આવે છે. પ્રભાત, આંબો, પવનપોથી, ભાર, ઉતાર, આહાવાણી, મોરલો, તન, લાખાણ, આંબારણ, સુવેડા, વિવાડો, ધમરાપવન, આરતી, નામોળા વગેરે ૩૬ પ્રકારના ઢાળમાં સરજૂ ગવાય છે. પ્રતિદિન રાત્રી ભોજન બાદ સોરઠના ગામોમાં રબારી ભાઈઓ સરજૂ ગાતા હોય છે. પરંતુ જે દિવસે ગામમાં માઠો પ્રસંગ બન્યો હોય એ દિવસે સરજૂ ગવાતા નથી. જુનાગઢ, પોરબંદર, ગીર-સોમનાથ જિલ્લાઓમાં વસતા માત્ર સોરઠી રબારીઓ પેઢી દર પેઢીથી સરજૂ કંઠોપકંઠ શીખતા આવ્યા છે. આ સોરઠી રબારીઓ મોમાઈ માતાના પૂજકો હોય છે. મોમાઈ માતા એટલે સરસ્વતી દેવી. અહીં એ પણ ઉલ્લેખ કરી લઈએ કે, ધાર્મિક માન્યતાઓ અનુસાર સરજૂનું જ્ઞાન સોરઠના રબારી ભાઈઓ સીવાય અન્ય કોઈને અપાતું નથી.

સરજૂ ગાનની ઉત્પત્તીની કથા કંઈક આવી છે. આદી કાળમાં માનસરોવરમાં આસીન માતા સરસ્વતીની આરાધના સારેરાવળ નામના ઋષિ કરતા. સારેરાવળ ઋષિ ઉંમરલાયક થતાં એમણે ઝરીયાવાળા ગામમાં રહેતા બાળક જાલણને એમના ઉત્તરાધિકારી તરીકે પસંદ કરી માનસરોવર લઈ આવ્યા. બાળ જાલણને એરુડંશની ઘાત હતી. એક દિવસ માતાજીને અર્પણ કરવા જાલણે નિલવર્ણ કમળ તોડતાં વેંત કમળની પાછળ છુપાયેલા સર્પે એને ડંશ માર્યો. ઋષિ સારેરાવળે મા સરસ્વતીને પ્રાર્થના કરી જાલણને પુનઃ સજીવન કર્યો. સારેરાવળ ઋષિની આ પ્રાર્થના 'સરજૂ' તરીકે ઓળખાય છે.



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

મા સરસ્વતિની આજ્ઞા લઈને જાલણ કાવડમાં હંસ, મોર, શંખ લઈને તેમના વતન કે જે અત્યારે માંગરોળ કહેવાય છે ત્યાં યત્રાએ નિકળ્યા. જાલણને તરસ લાગતાં સાંગાવડ ગામ પાસે એક વાવમાં પાણી પીવા એ ઉતર્યા. કવડ જમીનને ન અડે એવી માતાજીની આજ્ઞા હતી. એટલે જાલણે કાવડ આંબા ડાળે ટાંગી. એવામાં આસપાસના પાંચ યુવાનો ત્યાં આંબા પાસે આવી ચડ્યા. કુતુહલવશ એમણે કાવડ નીચે ઉતારી. જેવી કાવડ નીચે જમીનને અડી એ સાથે હંસ ઊડી ગયો. મોરને જંગલી કુતરાઓએ મારી નાખ્યો અને શંખ ત્યાં જ પડી રહ્યા. લોકવાયકા અનુસાર માતાજીની સૂચનાનુસાર કાવડ જ્યાં જમીનને અડકે ત્યાં જ જાલણે સ્થાઈ થઈ જવાનું હતું. જાલણનું ગામ નજીકમાં જ હતું પણ માતાજીની ઈચ્છાનુસાર ત્યાં જ મા સરસ્વતીનું અવતરણ કરાયું. ઉલાવા, ઘેલાણા, સાંબડા, ચાવડા શાખાના રબારી યુવાનોને ત્યાં મઢ(મંદિર) બનાવવા જણાવાયું. પછી તો ઘણી જગાએ મંદિરો બન્યા. કહેવાય છે કે ઓડદરનો મઢ ખાસ્સો પૌરાણિક છે.

આ મઢોમાં પ્રતિવર્ષ નવરાત્રીમાં સોરઠીયા રબારી ભાઈઓનો મેળો ભરાય છે. રબારી ભાઈઓ આખી રાત સરજૂ ગાન કરે છે. જાલણે સોરઠના રબારીઓને સરજૂ પાઠ શીખવ્યા. સોરઠી રબારી અંતરીયાળ ડુંગરોમાં સરજૂ ગાન કરતો હોય ત્યારે તેનો મધૂર સ્વર અને લય સંગીતપ્રેમીને મુગ્ધ કરી દે છે. જો કે સામાન્ય રીતે સરજૂ ગાન જૂથમાં વધારે ગવાતા હોય છે. સરજૂ સારા પ્રસંગે જ ગવાતા હોય છે મરણ વખતે સરજૂ ગવાતા નથી.

કાકા સાહેબ કાલેલકર કહે છે કે, પ્રાર્થના એટલે પોતાના આદર્શ મુજબ પોતાનું જીવન ઘડીને ઈશ્વરને સમર્પિત કરવાની ક્રિયા. ગાંધીજી પ્રાર્થનાના ચુસ્ત આગ્રહી હતાં. ગાંધીજીના મતે આત્મશુદ્ધિને માટે નિરંતર ઈશ્વર સ્તવન એટલે પ્રાર્થના. પ્રાર્થનામાં માગણી ન હોય પ્રાર્થનામાં લાગણી હોય. કહેવાય છે ને કે, આપણે રોજ ભૂલો કરીએ છીએ અને એ માફ કરી દે છે. આપણે ભૂલો કરવા મજબૂર છીએ અને ઈશ્વર માફ કરી દેવા માટે મશહૂર છે. પ્રાર્થનાને ઉંમર સાથે કોઈ લેવાદેવા ક્યાં હોય છે ? પ્રાર્થના તો આંતરિક બળ છે. બે હાથ જોડી, શીશ નમાવી સાચા હૃદયથી બોલાયેલા કે નિઃશબ્દ રહેલાને ઈશ્વરની રહેમતની કમી નથી હોતી. પ્રાર્થના પરમાત્માને સવલતોની દરખાસ્તનો મુસદ્દો નથી આપણી શ્રધ્ધા અને લાગણીનો દસ્તાવેજ છે. પ્રાર્થના આપણી ધિરજની લયબધ્ધ ગઝલ છે.

**ધબકાર :**

**પ્રાર્થના ઇશ્વરનો સેલ નંબર છે, સતત રીડાયલ કરતા રહેવુ પડે. વિશ્વાસ રાખો ક્યારેક તો ભગવાન ફોન ઉપાડી જ લેશે.**